For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




સુરતમાં મહાપાલિકા દ્વારા એવી કામગીરી કરાય છે કે 'બાર સાંધે ત્યાં તેર તૂટે'... મોટા વરાછામાં રિવરફ્રન્ટ રોડ બનાવ્યો પણ તેમાં પુરાણ કર્યું નહીં અને એવી કામગીરી કરવામાં આવી કે 400 મી. સુધી રસ્તો બેસી ગયો અને કાર ફસાઈ, કપચી નાંખવા આવેલી મનપાની ટ્રક પણ રસ્તામાં ખૂંપી ગઈ અને હાલત એવી થઈ કે ટ્રકને કાઢવા માટે જેસીબી બોલાવવું પડ્યું, (ત.: સતીષ જાદવ)

**ચોમાસાના પ્રારંભમાં જ મોટા વરાછામાં સુરતમાં મનપાની કામગીરી પોલ ખૂલી**

# 3 માસ પહેલાં જ બનેલો રિવરફ્રન્ટ રોડ 400 મીટર સુધી ધસી પડ્યો

**પ્રથમ** વરસાદમાં જ રસ્તો બેસી જતા કોન્ટ્રાક્ટરની કામગીરી અને મનપાના સુપરવિઝનની બેદરકારી ઉઘાડી પડી

સુરતઃ ચોમાસાની શરૂઆત સાથે સુરતમાં મહાપાલિકાની પોલ પણ ખૂલવાની શરૂઆત થઈ જવા પામી છે. સોમવારે મોડી રાત્રે પડેલા ભારે વરસાદ બાદ મોટા વરાછા રિવરફ્રન્ટ વિસ્તારમાં આશરે 400 મીટર લાંબો રસ્તો અનેક સ્થળે ધસી પડતાં પાંચ જેટલા મોટા ભુવા સર્જાયા હતા. આ ભૂવા પૈકી એક ભૂવામાં કાર ફસાઈ જતાં સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. પુરાણ માટે પહોંચેલો મનપાનો કપચી ભરેલો ટ્રક પણ આ રસ્તામાં ફસાઈ ગયો હતો. બાદમાં જેસીબીની મદદથી ટ્રકને

...અનુસંધાન પાના 9 પર

### કોન્ટ્રાક્ટર સહિત ત્રણ સામે શોકોઝ નોટિસ, ત્રણ દિવસમાં ખુલાસો માંગ્યો

મોટા વરાછા રોડ ધસી પડવાના બનાવ બાદ મનપા તંત્રએ જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરી છે. રસ્તાનું કામ કરનાર કોન્ટ્રાક્ટર સિવિલિસ ઇન્ફ્રા ને ડ્રેનેજ ટ્રેન્ચ બેસી જવા અને ઇનલેટ ચેમ્બરની દીવાલ તૂટી જવાના મુદ્દે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. ઉપરાંત રસ્તાની કામગીરી દરમિયાન સુપરવિઝન કરનાર સરથાણા ઝોનના ડ્રેનેજ વિભાગના જુનિયર ઇજનેર દીપકકુમાર વરુ તથા તાલીમાર્થી ટેક્નિકલ આસિસ્ટન્ટ ભાવેશ ચૌધરીને પણ શોકોઝ નોટિસ આપી ત્રણ દિવસમાં લેખિત ખુલાસો આપવા તાકીદ કરવામાં આવી છે.

### તાપી કાંઠે પાળો નહીં બનતા વારંવાર રસ્તો બેસે છે, સિંચાઈ વિભાગ સહકાર આપતો નથી' : રાજન પટેલ

સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે મોટા વરાછાના આ વિસ્તારમાં અગાઉ પણ રસ્તો બેસી જવાની ઘટના બની હતી. તપાસમાં જમીનનું સતત સેટલમેન્ટ થતું હોવાનું સામે આવ્યું હતું. તાપી કાંઠે અંદાજે અઢીથી ત્રણ કિલોમીટર વિસ્તારમાં રક્ષણાત્મક પાળો બનાવવાની જરૂર છે. આ મુદ્દે સિંચાઈ વિભાગ સાથે અનેક બેઠકો અને પત્રવ્યવહાર કરવામાં આવ્યો હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. સિંચાઈ વિભાગ તરફથી જરૂર પડશે ત્યારે પાળો બનાવવાની વાત કરવામાં આવે છે, પરંતુ જવાબદારી કોણની તે સ્પષ્ટ કરાતી નથી. પરિણામે માટીનું ધોવાણ થતાં દર વર્ષે રસ્તાઓને નુકસાન થઈ રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

**સુરત મહાનગર પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના નામની લાલિયાવાડી ઉઘાડી પડી**

# 24 કલાકમાં 4 ઈંચ વરસાદ, સુરત બેહાલ

**સોમવારે** મોડી રાત્રે અને મંગળવારે સવારે બે-બે કલાકમાં બે-બે ઈંચ વરસાદ

**ઉધના**, ભેસ્તાન, પાંડેસરા, લિંબાયત, વરાછા, કતારગામ, વેસુ-વીઆઈપી રોડ, ઉધના દરવાજા, ગોડાદરા સહિતના વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા

**રસ્તા** નદી બન્યા, ગરનાળાં છલકાતાં વાહનવ્યહાર બંધ, સવારે પિકઅવર્સમાં પડેલા વરસાદથી નોકરી-ધંધા પર જનારા અટવાયા

સુરત : છેલ્લા પખવાડિયાથી કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાથી ત્રસ્ત સુરતવાસીઓને મંગળવારે મેઘરાજાએ રાહત તો આપી, પરંતુ સાથે જ સુરત મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીની પણ પોલ ખોલી નાખી. માત્ર ગણતરીના કલાકોમાં પડેલા અંદાજે બે ઈંચ વરસાદમાં જ સ્માર્ટ સિટી ગણાતું સુરત શહેર જળબંબાકારમાં ફેરવાઈ ગયું હતું. કરોડો રૂપિયાની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે શહેરના મુખ્ય માર્ગો નદીમાં ફેરવાઈ ગયા, ગરનાળાં છલકાઈ ગયા અને ઠેરઠેર ઘૂંટણસમાં પાણી ભરાતાં વાહનચાલકો તથા નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

...અનુસંધાન પાના 9 પર

## બુદ્ધિનું પ્રદર્શન !, ખાડામાં કાર ખાબકી તો તેને બહાર કાઢવાને ખાડો પૂરવા પ્રયાસ

**જેની** કાર ખાડામાં પડી તેને માથામાં સ્ટિયરિંગ વાગતાં ટાંકા આવ્યા

**બીજી** તરફ ખાડો પૂરવામાં મનપાનો 'આંધળે બહેરું કૂટ્યા' જેવો ઘાટ

સુરત : સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સુરત મહાનગરપાલિકાની ઘોર બેદરકારીનો વધુ એક કિસ્સો સામે

...અનુસંધાન પાના 9 પર



### સણીયા હેમાદ પાસે પણ રસ્તો બેસી જતાં પાંચ ટ્રક ફસાઈ

સણીયા હેમાદ ગામ ખાતે હજુ થોડા સમય પહેલા જ બમો રસ્તો બનાવવામાં આવ્યો છે પરંતુ પાલિકાના આરડીડી વિભાગ દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાના કારણે આજે પહેલા જ વરસાદમાં સણીયા હેમાદ પાસેનો નવો રસ્તો પણ બેસી ગયો હતો. જેના કારણે ત્યાં પાર્ક કરેલા પાંચ જેટલા ટ્રક રસ્તાની અંદર ધસી ગયા હતા. જેને પગલે ટ્રકચાલકો હેરાન થઈ ગયા હતા.

### બે જ ઈંચ વરસાદમાં ઉધના ગરનાળું બંધ કરવાની ફરજ પડી, વાહનચાલકો અટવાયા



શહેરનાં ઉધના - લિંબાયત ગરનાળામાં વધુ એક વખત વરસાદી પાણીનો ભરાવો થતાં સેંકડો વાહન ચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. માત્ર બે ઈંચ વરસાદમાં જ આ વિસ્તારમાં ત્રણથી ચાર ફુટ સુધી પાણી ભરાવવાને કારણે ગરનાળામાંથી વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. વરસાદી માહોલ વચ્ચે એક તરફ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો જ્યારે બીજી તરફ આ પ્રકારની સમસ્યાને પગલે વાહન ચાલકોની હાલત દયનીય થવા પામી હતી. આ સિવાય લિંબાયતમાં પણ નિચાણવાળા વિસ્તારોમાં ઘુંટણ સુધીનાં પાણી ભરાવવાની સમસ્યા ઠેર - ઠેર જોવા મળી હતી. જેને પગલે લિંબાયત ઝોનનાં અધિકારીઓ પણ દોડતા થઈ ગયા હતા.

### મોટા વરાછામાં પાણી ભરાવાથી ખુલ્લી ગટર નહીં દેખાતાં ચાર લોકો તેમાં ગરક થતાં બચ્યા



સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલા એ.આર. મોલ બહાર ચોમાસાના પ્રથમ વરસાદે જ વહીવટી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. આ જળબંબાકારની સ્થિતિ વચ્ચે એ.આર મોલની બહાર આવેલી એક ખુલ્લી ગટર રાહદારીઓ માટે ભારે જીવલેણ સાબિત થઈ હતી. ગટર ખુલ્લી હોવાનું ન દેખાતા ચાર જેટલા લોકો તેમાં પડતા-પડતા સહેજ માટે આબાદ બચ્યા હતા, જેને પગલે મોટી દુર્ઘટના ટળી હતી. આ ઉપરાંત, રસ્તા પર પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે અનેક વાહનો તણાતા જોવા મળ્યા હતા.

## નવસારીમાં 6 જ કલાકમાં 4 ઈંચ, ધરમપુરમાં 3 ઈંચ વરસાદ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નવસારી તાલુકા વિસ્તારમાં પડ્યો હતો. અહીં છ કલાકમાં લગભગ 4 ઈંચ જેટલો એટલે કે 94 મીમી વરસાદ વરસ્યો હતો. જ્યારે વઘઈમાં દોઢ ઈંચ, દમણમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. ધરમપુરમાં દિવસ દરમિયાન 70 મીમી એટલે કે લગભગ ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. બારડોલીમાં ૨ ઈંચ અને કામરેજમાં અઢી ઈંચ વરસાદથી ખેડૂતોને રાહત મળી છે. માંગરોળમાં

...અનુસંધાન પાના 9 પર

**દ.ગુ.માં ક્યાં કેટલો વરસાદ પડ્યો?**

| | |
|---|---|
| નવસારી | 4 ઈંચ |
| ધરમપુર | 3 ઈંચ |
| વઘઈ | 1.5 ઈંચ |
| હાંસોટ | 1.2 ઈંચ |
| વાલોડ | 1.1 ઈંચ |
| ડોલવણ | 1.1 ઈંચ |
| દમણ | 1 ઈંચ |

## જિલ્લામાં સૌથી વધુ 4 ઈંચ વરસાદ સુરતમાં

**આગામી** તા. 5 જુલાઈ સુધી વરસાદી માહોલની આગાહી

સુરતઃ શહેર અને જિલ્લામાં લાંબા ઈંતજાર બાદ ગઈકાલ રાતથી મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. રાત્રે વરસાદ વરસ્યા પછી આજે સવારથી પણ શહેર અને જિલ્લામાં સર્વત્ર વરસાદી માહોલ રહ્યો. જિલ્લામાં સુરત શહેરમાં સૌથી વધારે વરસાદ નોંધાયો છે.

સુરત શહેર અને જિલ્લામાં ચોમાસાનું સત્તાવાર આગમન 23 જૂનના રોજ થયું હતું. જોકે આગમન બાદના ત્રણથી ચાર દિવસ સુધી વરસાદે વિરામ લેતા વાદળો વિખેરાઈ ગયા હતા અને લોકોને ફરી એકવાર કાળઝાળ ગરમી તથા ઉકળાટનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ હવે વરસાદી સિસ્ટમ ફરી સક્રિય બનતાં સુરત શહેર અને સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરી છે. ગઈકાલથી શરૂ થયેલો વરસાદ આજે પણ યથાવત રહેતા અનેક વિસ્તારોમાં ઠંડક

...અનુસંધાન પાના 9 પર

**જિલ્લાનો વરસાદ**

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 35 |
| માંગરોળ | 64 |
| ઉમરપાડા | 10 |
| માંડવી | 06 |
| કામરેજ | 90 |
| સુરત | 94 |
| ચોર્યાસી | 33 |
| પલસાણા | 51 |
| બારડોલી | 46 |
| મહુવા | 41 |
| અરેઠ | 30 |
| અંબિકા | 41 |

**સુરતમાં સત્તાવાર 24મી જૂને ચોમાસું પહોંચ્યું પરંતુ ધોધમાર પાંચ દિવસે પડ્યો**

# ચોમાસાની બદલાતી પેટર્ન, 10 વર્ષમાં ચોથી વખત 25 જૂન બાદ એન્ટ્રી થઈ

**અરબી** સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી હવામાન પ્રણાલીઓ તેમજ પવનની સ્થિતિ જેવાં પરિબળોની ચોમાસા આગમન પર અસર

સુરતઃ સુરત જિલ્લામાં ભારતીય હવામાન વિભાગ (IMD) મુજબ ચોમાસાનું સત્તાવાર આગમન સામાન્ય રીતે દર વર્ષે 13થી 19 જૂન વચ્ચે નોંધાય છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં ચોમાસાના આગમનમાં નોંધપાત્ર અનિશ્ચિતતા જોવા મળી રહી છે. છેલ્લા દસ વર્ષના આંકડાઓનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે વર્ષ 2026માં ફરી એકવાર ચોમાસું મોડું પહોંચ્યું છે અને છેલ્લા દસ વર્ષમાં ચોથી વખત 25 જૂનની આસપાસ અથવા ત્યારબાદ ચોમાસાની એન્ટ્રી નોંધાઈ છે.

આ વર્ષે ચોમાસાનું સત્તાવાર આગમન 24 જૂને જાહેર કરવામાં આવ્યું હતું. જોકે સત્તાવાર આગમન પછી પણ સુરત જિલ્લામાં વરસાદ લગભગ ગાયબ રહ્યો હતો. અંતે 29 જૂને નોંધપાત્ર વરસાદ શરૂ થતાં લોકોને ચોમાસાનો વાસ્તવિક અનુભવ થયો. છેલ્લા દાયકાના આંકડા મુજબ સત્તાવાર આગમન બાદ

...અનુસંધાન પાના 9 પર

**છેલ્લાં 10 વર્ષમાં સુરતમાં ચોમાસાના આગમનની તારીખ**

| વર્ષ | આગમનની તારીખ | સ્થિતિ |
|---|---|---|
| 2026 | 24 જૂન | મોડું (29 જૂને) |
| 2025 | 16 જૂન | સામાન્ય |
| 2024 | 11 જૂન | વહેલું |
| 2023 | 25 જૂન | મોડું |
| 2022 | 16 જૂન | સામાન્ય |
| 2021 | 12 જૂન | સામાન્ય વહેલું |
| 2020 | 14 જૂન | સામાન્ય |
| 2019 | 25 જૂન | મોડું |
| 2018 | 25 જૂન | મોડું |
| 2017 | 12 જૂન | સામાન્ય વહેલું |

# વજન ઘટાડવાના નામે ઠગાઈનું દેશવ્યાપી છેતરપિંડીનું નેટવર્ક

**ફેસબુક** પર જાહેરાતો મૂકી અડાજણની ગૃહિણીને પાંચ જ મહિનામાં રૂ. ૧.૭૭ કરોડનો ચૂનો ચોપડાયો હતો

**સુરત** પોલીસે બે મહિલા સહિત ૪ની ધરપકડ કરી, ૧૫૦ કર્મચારીઓનું 'મેગા ફેક કોલ સેન્ટર' તેમજ ફેક કંપની પકડાઈ

સુરતઃ સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસે હરિયાણાના ગુરૂગ્રામમાં

...અનુસંધાન પાના 9 પર

### મહિલાઓને ટાર્ગેટ કરી સોશિયલ મીડિયા પરથી ફસાવાતી હતી શિકાર

સાયબર ક્રાઇમની તપાસ દરમિયાન ગુરુગ્રામમાં ચાલતા એક વિશાળ ફેક કોલ સેન્ટરનો પર્દાફાશ થયો હતો. અહીં અંદાજે 150 જેટલી મહિલાઓ અને 20 જેટલા પુરુષો વિવિધ વિભાગોમાં કામ કરતા હોવાનું સામે આવ્યું છે. કંપની સોશિયલ મીડિયા પર ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ મારફતે વજન ઘટાડવા અને સ્લિમિંગ ટ્રીટમેન્ટની આકર્ષક જાહેરાતો આપતી હતી. જાહેરાતમાં

...અનુસંધાન પાના 9 પર

### ચાર વર્ષમાં રૂ.80 કરોડની છેતરપિંડીની આશંકા, દર મહિને રૂ.2 કરોડનો રોકડ વહેવાર

પકડાયેલા આરોપીઓની પૂછપરછ દરમિયાન પોલીસે ચોંકાવનારી માહિતી મેળવી છે. આરોપીઓના જણાવ્યા મુજબ કંપની દર મહિને અંદાજે રૂ.2 કરોડ જેટલા રોકડ વ્યવહારો કરતી હતી. છેલ્લા ચાર વર્ષથી દેશભરમાં મહિલાઓને વજન ઘટાડવા, સ્લિમિંગ અને વેલનેસ ટ્રીટમેન્ટના નામે નિશાન બનાવી છેતરપિંડી કરવામાં આવતી હતી. પ્રાથમિક તપાસમાં રૂ.75થી રૂ.80

...અનુસંધાન પાના 9 પર

# વરસાદના વિલંબથી શાકભાજીના ભાવો બમણાં

**ઉત્પાદનમાં** ઘટાડો, જીવાતના ઉપદ્રવ અને ક્લાયમેટ ચેન્જની અસરથી સુરત એપીએમસીમાં શાકના ભાવો આસમાને

**આદુ**, સરગવાની સિંગ, ભીંડા, ધાણા, તુવેર, દૂધી, લીલી ડુંગળી સહિત અનેક શાકભાજીના ભાવ વધ્યા

સુરતઃ ચોમાસું પખવાડિયું મોડું બેસતા અને ઉનાળામાં અસહ્ય ગરમીના કારણે શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો નોંધાતા સુરત એપીએમસીમાં લીલી શાકભાજીના હોલસેલ ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, પાણીની વધુ જરૂરિયાત ધરાવતા શાકભાજીના પાકને સમયસર વરસાદ ન મળતાં ઉત્પાદન પર સીધી અસર થઈ છે. પરિણામે બજારમાં કોબી, ફ્લાવર, ટામેટા, આદુ, ગવાર, સરગવાની સિંગ, દુધી, ભીંડા, ધાણા, પરવળ, ગિલોળા, લીલી ડુંગળી, તુવેર, રીંગણ અને ફુદીના સહિતના શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો છે.

તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે ઉનાળામાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેતાં શાકભાજીના પાકને ભારે નુકસાન થયું છે. ખેડૂતો દ્વારા સમયસર વાવેતર કરવામાં આવ્યું હોવા છતાં વરસાદ પખવાડિયું ખેંચાતા પાકના વિકાસ પર વિપરીત અસર પડી છે. ઉપરાંત બાગાયતી પાકોમાં ક્લાયમેટ ચેન્જના કારણે જીવાતનો ઉપદ્રવ વધતાં મોટી માત્રામાં શાકભાજીનો

...અનુસંધાન પાના 9 પર

**કયા કયા શાકભાજીના ભાવો ખૂબ વધી ગયા**

| શાકભાજી | 30/5/2026 નો ભાવ | 30/06/2026 નો ભાવ |
|---|---|---|
| આદુ | 1400/1500 | 2500/3200 |
| સરગવો | 400/500 | 1000/1100 |
| ભીંડા | 400/500 | 700/800 |
| કોબી | 200/240 | 340 / 400 |
| ફ્લાવર | 200/260 | 400/440 |
| ટામેટાં | 300/500 | 400/550 |
| ગવાર | 500/700 | 700/1000 |
| તુવેર | 1200/1600 | 1400/1700 |
| દૂધી | 200/260 | 400/500 |
| રીંગણ | 100/160 | 160/200 |
| પરવળ | 400/500 | 500/600 |
| ગીલોળા | 500/600 | 600/700 |
| ધાણા | 400/500 | 600/750 |
| લીલી ડુંગળી | 400/500 | 600/700 |
| ફુદીના | 300/350 | 300/400 |



# પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની મસ્તી પર શિક્ષકોની નજર રહેશે

**બાળસહજ** સ્વભાવથી બનતી અઘટિત ઘટનાઓ અટકાવવા તમામ શાળાઓને કડક સૂચના

સુરતઃ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ વચ્ચે બાળસહજ સ્વભાવ વશ થતી મસ્તી-મજાક ક્યારેક ગંભીર અકસ્માતમાં પરિવર્તિત ન થાય તે માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ રાજ્યની તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, જિલ્લા શિક્ષણાધિકારીઓ તથા શાસનાધિકારીઓને મહત્ત્વપૂર્ણ પરિપત્ર જાહેર કર્યો છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા શિક્ષણ વિભાગે તમામ પ્રાથમિક શાળાઓમાં સાવચેતીના પગલાં કડકાઈથી અમલમાં મૂકવા સૂચના આપી છે.

શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે તાજેતરમાં એક પ્રાથમિક શાળામાં બે વિદ્યાર્થી મિત્રો વચ્ચે મસ્તી-મજાક દરમિયાન એક વિદ્યાર્થીને તેના સહપાઠીએ પાછળથી પકડી રાખી આગળ નમાવતાં અણધારી

...અનુસંધાન પાના 9 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |


| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦





૨૨મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

પરિવારમાં પ્રેમસભર સ્થાન આપનું, સ્નેહીજનોમાં સૌથી પહેલું સ્થાન આપનુ, વત્સલ હૃદયના તમોએ સર્વને પ્રેમ અને વાત્સલ્ય, ધર્મ સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાયા આપી, દુઃખ અને સુખ બંનેમાં અમોને સાચવ્યા. આપની અમર સ્મૃતિ, કર્તવ્ય, પ્રેમ, વાત્સલ્ય થકી અમોને ઉજાસ આપનાર આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લિ. ગં.સ્વ. પુષ્પાબેન સુખદેવભાઈ દેસાઈ
મોન્ટુ સુખદેવભાઈ દેસાઈ
નીપા મોન્ટુભાઈ દેસાઈ
ચિ. પવન મોન્ટુભાઈ દેસાઈ
ચિ. ક્રિષ્ના મોન્ટુભાઈ દેસાઈ

સ્વ. સુખદેવભાઈ એન. દેસાઈ
સ્વ. તા. ૧-૭-૨૦૦૪
૭૦, સર્જન સોસાયટી, મોદી બંગલા, ઈચ્છાનાથ રોડ, સુરત.





સ્વ. જગુભાઈ નાથુભાઈ પટેલ
સ્વ.તાઃ ૩૦-૦૬-૨૦૨૬

દુઃખદ અવસાન-સંયુક્ત બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવી જગુભાઈ નાથુભાઈ પટેલનું તાઃ ૩૦-૦૬-૨૦૨૬ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુક્ત બેસણું ગુરૂવારે તા. ૦૨-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન નીચેના સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ. ધીરજભાઈ દુર્લભભાઈ પટેલ
સ્વ. વસંતભાઈ દુર્લભભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ : નવી વસાહત, રૂંઢ-મગદલ્લા, સુરત.